# જો શિક્ષક સફળ તો વિદ્યાર્થી સફળ

શિક્ષકનું મુખ્ય ધ્યેય વિદ્યર્થીને સફળતા અપાવવાનું છે. આ સફળતા જીવનના અનેક પાસાંઓ સાથે સમકળાયેલ હોવી જોઇએ. એકાદ બે પાસાંમાં સફળ વિયર્થી અન્ય પાસાંમાં નબળો હશે તો તે અધૂરી કેળવણીની નિશાની ગણાય. વિયર્થીનો સર્વાંગી વિકાસ એ જ કેળવણીનું મુખ્ય લક્ષ્ય ગણી શકાય. વિદ્યાર્થીને આવી સફળતા કોણ અપાવી શકે ? તો સ્વાભાવિક છે કે, જો તેને સારો શિક્ષક મળે તો. આ સારો શિક્ષક એટલે સફળ શિક્ષક. જે શિક્ષક વિવિધ પાસાંમાં સફળ નિવડયો હોય તે શિક્ષક જ પોતાના અનુભવ અને ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીને પ્રેરિત કરીને સફળતાના શિખર સુધી પહોંચાડી શકશે.

સફળ શિક્ષક કોને કહીશું ? તો જે શિક્ષક વિદ્યાર્થી, વાલી, શાળા, સમાજ અને પોતાની જાત માટે પણ પ્રેરણારૂપ હોય તેને સફળ શિક્ષક કહી શકાય. વર્ગખંડમાં સારું ભણાવતો, વિદ્યાર્થીઓ માટે નિતનવા સંશોધનો કરતો, વિદ્યાર્થીને સતત કામમાં જોતરતો, જેના થકી વિદ્યાર્થીઓ આનંદ સાથે જ્ઞાન મેળવતા હોય, જેની એક દિવસની ગેરહાજરી વિદ્યાર્થીને ખટકતી હોય, જે પોતાની જાતને ભૂલીને વિદ્યાર્થીમય બની જતો હોય, જેને એમ લાગતું હોય કે મારું સર્જન મારા વિદ્યાર્થીઓ માટે જ થયું છે તેવો શિક્ષક વિદ્યાર્થીને વર્ગખંડ શિક્ષણ દ્વારા સફળતાસુધી પહોંચાડી શકવા સમર્થ છે તેમ કહી શકાય. પોતે વિવિધ અનુભવો પ્રાપ્ત કરીને તેને વિદ્યાર્થી સામે ઠાલવે, જેના સહારે વિદ્યાર્થીને આગળ ખેંચવાનો પ્રયત્ન કરે તેવા શિક્ષકની સફળ બનવાની શક્યતા વધતી જાય છે. આવા શિક્ષક વિયર્થી માટે પ્રીતિપાત્ર હોય છે, આ પ્રીતિ જ વિદ્યાર્થી અને શિક્ષકને લાગણીથી જોડીને શિક્ષક અને વિદ્યાર્થીને તેમના ધ્યેય સુધી પહોંચવામાં મદદરૂપ થાય છે.

આજનો વિદ્યાર્થી ઉંમરના પ્રમાણમાં ઘણું શીખે છે. વાતાવરણ તેને મદદ કરે છે. ત્યારે તે પોતાના શિક્ષકને ઝડપથી ઓળખતો થયો છે. તે થોડા જ સમયમાં પોતાના શિક્ષકને પામી જાય છે. ત્યારબાદ જ તે શિક્ષકથી પ્રભાવિત થાય છે અથવા નથી થતો. આજના વિદ્યાર્થીને બહુવિધ પાસાંમાં સફળ થવું છે, તેમાં તેને માર્ગદર્શકરૂપ શિક્ષકની જરૂર છે, પણ એ એવા શિક્ષકને પસંદ કરે છે કે પોતાનો રોલમોડલ બનાવે છે કે જે તેને પોતાના લક્ષ્યસુધી પહોંચાડવા સક્ષમ હોય. ત્યારે શિક્ષક માટે  પડકાર એ છે કે, તેણે આજના વિદ્યાર્થીને ઓળખવો પડશે, તેની જરૂરિયાત જાણવી પડશે. આ જરૂરિયાતને સંતોષવી પડશે. આ માટે તે માત્ર વર્ગખંડ શિક્ષણમાં જ નિપુણ હશે તે નહીં ચાલે. શિક્ષક વિદ્યાર્થી માટે સાચા અર્થમાં ત્યારે જ પ્રેરણારૂપ બની શકશે કે તે પોતે વિવિધ રીતે, વધું પાસાંમાં સફળ હશે. આજના વિદ્યાર્થીને આધુનિક શિક્ષક ગમે છે તો ચોક્કસ મૂલ્યોનો આગ્રહ રાખે તે પણ ગમે છે, સારું ગાઇ શકે, સારું રમી શકે, કમ્પ્યૂટર ચલાવી શકે, સારો મોબાઇલ રાખે તે પણ વિદ્યાર્થીને ગમે છે. વિવિધ બાબતોમાં અગ્ર રહેતો શિક્ષક વિદ્યાર્થીના માનસ પર અસર કરે છે.

માત્ર વર્ગખંડમાં સફળ શિક્ષકને સાચા અર્થમાં સંપૂર્ણ સફળ શિક્ષક કહી ન શકાય. શિક્ષક માત્ર વર્ગખંડ સાથે જ જોડાયેલ નથી. જો એવું જ હોત તો સમાજ શિક્ષકદિનની ઉજવણી ન કરતો હોત. તેને સમાજનો રખેવાળ કહ્યો ન હોત. શિક્ષકે બર્ગખંડની સાથે સાથે સમાજમાં પણ પોતાની ભૂમિકા ભજવીને સફળ બનવાનું છે. શિક્ષક સમાજને રાહ ચીંધનાર, પ્રેરણા આપનાર હોવો જોઇએ. સમાજના દૂષણો દૂર કરી, સમાજને આદર્શના પાઠ શીખવનાર હોવો જોઇએ. બદલાતી દુનિયામાં ટકી રહેવા સમાજને ચોક્કસ

દિશામાં લઈ જવા સતત મથનાર શિક્ષકને વિદ્યાર્થીઓ અનોખી દ્દષ્ટિથી જૂએ છે. આવો શિક્ષક વિદ્યાર્થીઓને સરળતાથી સફળતા સુધી પહોંચાડી શકે છે. કારણકે આવા શિક્ષકને વિદ્યાર્થીઓ વધુ વિશ્વાસપાત્ર માને છે, અને વિશ્વાસને શિક્ષકનો શ્વાસ ના ગણાય ? આ વિશ્વાસરૂપી શ્વાસ જ શિક્ષકને સફળ બનાવે છે. સમાજમાં નેતૃત્ત્વ લેતાં કે માર્ગ ચીંધતા પહેલાં શિક્ષકે વાલી સામે સફળ થવું પડે છે. વાલીમાં વિશ્વાસ બેસાડનાર શિક્ષક સરળતાથી સમાજમાં વિશ્વાસપાત્ર બને છે. વાલીની એકમાત્ર અપેક્ષા શિક્ષક પાસે હોય છે કે, તે તેના બાળકને સારું શિક્ષણ અને સંસ્કાર આપે. જે શિક્ષક વિદ્યાર્થીને આ બે બાબતો ભરપેટ વિદ્યાર્થીને આપશે તે વાલીમાં પણ પ્રિયપાત્ર બની રહેશે. શાળામાં આવતા વાલી સાથેનો વ્યવહાર શિક્ષકને વાલીની નજીક કે દૂર લઈ જાય છે. જે શિક્ષક શાળામાં પણ વાલી સાથે પ્રેમથી વર્તાવ ન કરી શકતો હોય તે પોતાના ઘેર તો વાલીને ક્યાંથી આમંત્રી શકે ? જૂના જમાનાના શિક્ષકોને વાલી અને સમાજ રસ્તા પર નમન કેમ કરતો હતો તે વિચારો.

શિક્ષકને રહેવા માટે ઘર હોય છે, આ ઘરને તે પોતાનું ગણીને ચાહે છે, સુંદર રાખે છે, ઘરમાં નિત નવું કરીને તેને વિશિષ્ટ બનાવવાનો પ્રયત્ન કરે છે. તેમ શિક્ષક જ્યાં ફરજ બજાવે છે તે શાળાને પણ પોતાની ગણી તેને સુંદર સુશોભિત રાખવાના વિશિષ્ટ પ્રયત્નો કરવા જોઈએ. શાળાના વિકાસને પોતાનો વિકાસ સમજવો જોઈએ. જે શિક્ષક ઘરમાં પથારીમાં સૂતાં સૂતાં પણ શાળાના વિકાસની કલ્પના કરતો હોય તે શિક્ષક જ શાળાનો વિકાસ કરી શકે. બાકી શાળામાંથી છૂટીને દરવાજા બહાર નીકળી શાળાને ભૂલી જનાર શિક્ષક ક્યારેય શાળા કે પોતાનો વિકાસ નહીં સાધી શકે તેની ગેરંટી. આમ શિક્ષકની સફળતામાં શાળાનો વિકાસ પણ અવી જાય છે. ઉપરોક્ત તમામ બાબતોમાં સફળતા હાંસલ કરવા સૌ પહેલાં શિક્ષકે પોતાની જાતને પ્રેરિત કરવી પડે. આ માટે તેણે પોતે પોતાનામાં કેટલાક બદલાવ લાવવા પડે, પોતે કાબેલ બનવું પડે. આ માટે પોતાની જાતને સતત ચેતનવંતી રાખવી પડે. જે માટે વાંચન, લેખન, શ્રવણ, ચર્ચા, પ્રવાસ વગેરે ઉપયોગી થશે. વધુ ઝડપી બનવા આજનું હાથવગું સાધન ઇન્ટરનેટ ધારદાર હથિયાર બની રહેશે. વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ કરતાં પહેલાં પોતાનો સર્વાંગી વિકાસ કરવો પડશે. કોઈપણ બાબતમાં માયકાંગલો શિક્ષક વિદ્યાર્થીને ગમતો નથી. તેણે દરેક બાબતમાં શ્રેષ્ઠતા રાખવી પડશે અને બતાવવી પડશે. આમ પોતે સફળ હશે તો વિદ્યાર્થીને સફળતાના દ્વાર બતાવી શકશે અને તે દ્વારને ખોલી શકશે. જે વિદ્યાર્થીને આવા સફળ શિક્ષક મળે તે વિદ્યાર્થી જ સફળતાને હાંસલ કરી શકશે. આમ જો શિક્ષક સફળ તો વિદ્યાર્થી પણ સફળ. અંતે એટલું યાદ રાખીશું કે, સફળ થવા માટેની સફર લાંબી હોય છે.